ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૪૧ ટકા

# મનપાના ઢોર ડબ્બે દર મહિને ૪૦ ઢોરના મૃત્યુ

## મે મહિનાના ૧૫ દિવસમાં ૨૨ ઢોરના મૃત્યુ : હાલમાં મનપાના ઢોર ડબ્બામાં ૪૫૦ જેટલા પશુ



ગાંધીનગર, તા. ૨૩

શહેરમાં રખડતા ઢોરોનો મુદ્દો ઘણા સમયથી ચાલી રહ્યો છે. ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકાની રસ્તે રખડતાં પશુઓના કિસ્સામાં ચોંકાવનારી વિગત બહાર આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકાએ નવેમ્બર ૨૦૨૧થી એપ્રિલ ૨૦૨૨ સુધી સાડા છ મહિનામાં ૨૩૯૮ ઢોર પાંજરે પૂર્યા હતા. આ પશુઓમાંથી ૬ મહિનામાં ૨૫૦ પશુનાં મૃત્યુ થયાં છે એટલે મનપાના ઢોર ડબ્બે દર મહિને ૪૦ જેટલાં ઢોર મૃત્યુ પામે છે. મે મહિનામાં ૧૫ દિવસમાં જ ૨૨ ઢોરના મૃત્યુ થયાં છે. હાલમાં મનપાના ઢોર ડબ્બામાં ૪૫૦ જેટલા પશુ છે. મોટા પશુ દીઠ ૧૦ કિગ્રા લીલો તથા ૩.૫ કિલો સૂકો ઘાસચારો તથા નાના પશુદીઠ ૫ કિલો લીલો અને ૧.૬ કિલો સૂકો ઘાસચારો આપવામાં આવે છે. રખડતાં ઢોરોને મ્યુનિસિપલ કોર્પોરેશને ૬ મહિનામાં ૨૩૯૮ ઢોર પકડાયા જેમાંથી ૧૩૮૮ પશુ અમદાવાદની પાંજરાપોળ મોકલ્યા હતા. આ માટે લાખો રૂપિયાનો ખર્ચ કર્યો છે તેમ છતાં શહેરમાં રખડતાં ઢોરોનું પ્રમાણ વધી રહ્યું છે. અને રખડતાં ઢોરોના કારણે અકસ્માતો થઈ રહ્યા છે.

શહેરમાં રખડતાં ઢોરોને લીલું ઘાસ ખાવા માટે ન મળી રહેતુ હોવાથી ઢોરો એઠવાડ, પ્લાસ્ટિક, કચરો ખાય છે જેના કારણે ઢોરની પાચનશક્તિ નબળી થઈ જાય છે અને મૃત્યુ પામે છે. પશુપાલકો પોતાના ઢોરોને યોગ્ય ખાવાનું પુરૂ પાડતા ન હોવાથી આવી સમસ્યાઓ ઉભી થઈ રહી છે. શહેરમાં જ્યાં જોઈએ ત્યાં કચરાના ડબ્બાઓમાં ઢોરો ખાવાનું ખાતી પ્લાસ્ટિક ખાતી જોવા મળે છે. જે ઢોરો વસૂકી ગયેલા તથા અશક્ત ઢોરને રખડતાં કરી મુકવામાં આવે છે જેમાં ઢોરો મૃત્યુ પામી રહ્યા છે.

પાટનગરમાં ઢોર પકડવાનો કોન્ટ્રાક્ટ શ્રી પરિદ ખાદી ગ્રામોદ્યોગ સંઘને મળ્યો છે જેમાં એક ઢોર પકડવા માટે રૂ. ૧૩૯૮ ચૂકવે છે. એટલે કે ૬ મહિનામાં પકડાયેલા કુલ ૨૩૯૮ ઢોર માટે તંત્રને રૂ.૩૩.૫૨ લાખ ચૂકવવા પડશે. આ સાથે ઘાસચારો-ઢોર ડબ્બા-વેટરનરી સ્ટાફ, દવા, પાંજરાપોળમાં મોકલવા માટે અપાતા પૈસા સહિત મનપાએ ૬ મહિનામાં ૮૦ લાખ રૂપિયા ખર્ચ કર્યો છે. તેમ છતાં શહેરમાં રખડતાં ઢોરોમાં ઘટાડો થયો નથી.

## ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ૫૯ લેખકોનાં સંયુક્ત ‘માઈક્રોફિક્શન બાઈટ્સ’ પુસ્તકનું વિમોચન





ગાંધીનગર, તા.૨૩

જેની સૌ ઉત્સાહપૂર્વક રાહ જોઈ રહ્યાં હતાં એવા સર્જન ગ્રુપનાં ચોથાં પુસ્તક ‘માઈક્રોફિક્શન બાઈટ્સ’નું તા.૨૨.૫.૨૨ના રોજ સ્વામીનારાયણ શિશુ વિદ્યાલય હોલ, ગાંધીનગર ખાતે અનેક મહાનુભાવોની ઉપસ્થિતમાં વિમોચન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય અને સર્જનમિત્ર શ્રી રેના સુથારની મધુર સ્વરની "મા શારદા"ની સ્તુતિથી કરવામાં આવ્યો હતો. સર્જનમિત્ર હીરલ કોટડિયા દ્વારા તૈયાર કરાયેલ સર્જનગ્રુપના મેળાવડા તથા અનેકવિધ પ્રવૃત્તિઓને ઉજાગર કરતો વીડિયો પ્રસ્તુત કરવામાં આવ્યો. હળવી શૈલીમાં રજૂ કરાયેલ વીડિયો સૌએ રસપૂર્વક માણ્યો હતો. આ લેખકોનું ગ્રુપ માત્ર એક ગ્રુપ નથી પણ એક પરિવાર છે. સુખદુ:ખના સંગાથી છે એવી ભાવના સૌએ અનુભવી હતી.

કાર્યક્રમના મહેમાન અમદાવાદ દૂરદર્શનના ડાયરેકટર અને ‘ઓઢણી ઓઢું ઓઢું ને ઊડી જાય..’ જેવા સુપરહિટ ફિલ્મી ગીતો તથા સુંદર કવિતાઓ લખતા શ્રી પ્રશાંત કેદાર જાદવ, ‘યુવા સરકાર’ તથા ‘લવ યુ પપ્પા’ જેવી ફિલ્મોમાં અદ્વિતીય અભિનયથી અને તેજાબી વકતવ્યોથી જાણીતા અભિનેતા હર્ષલ માંકડ, સર્જક કલ્પેશભાઈ પટેલ, વિખ્યાત લોકગાયક હેમંત ચૌહાણના પુત્ર અને પ્રતિભાશાળી ગાયક મયૂર ચૌહાણ, ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત અને પુસ્તકના સંપાદક જિજ્ઞેશ અધ્યારુના હસ્તે ‘માઈક્રોફિક્શન બાઈટ્સ’નું ભાવસભર અને ઉત્સાહભેર વિમોચન કરવામાં આવ્યું હતું.

માઈક્રોફિક્શન બાઈટ્સ પુસ્તકના મુખ્ય સંપાદન માટે જિજ્ઞેશ અધ્યારુ, સહ સંપાદકો અંકુર બેંકર, ભારતીબેન ગોહિલ, શ્રદ્ધા ભટ્ટે કામ કર્યું હતું. નવભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત આ પુસ્તકમાં ૫૯ લેખકોની ૯૭ વાર્તાઓ સ્થાન પામી છે. ઉલ્લેખનીય છે કે માઈક્રોફિક્શન બાઈટ્સ પુસ્તકમાં ગાંધીનગરના લેખક સંજય થોરાતની ‘બોલ્ડ, બાલ્ડ એન્ડ બ્યુટીફૂલ’ અને ‘લોરી’ માઈક્રોફિક્શન વાર્તા સ્થાન પામી છે.

કાર્યક્રમના મહેમાન ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ શ્રી કલ્પેશ પટેલે પુસ્તકને પોતાની શુભકામનાઓ પાઠવી હતી. પોતે આ પુસ્તકમાંથી પસાર થયા છે અને પુસ્તકની ગુણવત્તા ઉચ્ચ કક્ષાની છે તેવો અભિપ્રાય આપ્યો હતો.

રાજકોટથી ખાસ ઉપસ્થિત રહેલા અને પોતાના તેજાબી વકતવ્યથી જાણીતા શ્રી હર્ષલ માંકડે જુસ્સાભેર પોતાનું વક્તવ્ય વક્તવ્ય આપ્યું હતું. ખાસ કરીને ભાવિ પેઢી માટે સત્વશીલ સાહિત્યની આવશ્યકતા અને તેના યોગ્ય પ્રચાર પ્રસારની દિશામાં નક્કર કાર્ય કરવા સૌને હાકલ કરી હતી.

## મહિલા પતંજલી યોગ સમિતિ અને માનસ યોગ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ૧૫ કુંડના વૈદિક યજ્ઞ






ગાંધીનગર, તા.૨૩

મહિલા પતંજલિ આયોજિત સહયોગ પ્રશિક્ષણ શિબિરમાં વૈદિક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત ગુજરાત રાજ્ય યજ્ઞ પ્રભારી નેહાબેન વ્યાસ તથા પતંજલી યોગ સમિતિના ફાઉન્ડર મેમ્બર પંકજભાઈ પટેલના હસ્તે દીપપ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. ઉપસ્થિત મહેમાનોનું યોગાચાર્ય ડૉ કાનજીભાઈ બાવરી દ્વારા શાલ ઓઢાડી અને ફૂલઝડી આપી સન્માન કરવામાં આવ્યું હતું. નેહા બેન દ્વારા વૈદિક હવનના લાભ ખૂબ જ વિસ્તૃત રીતે સરળ શૈલીમાં સમજાવી ભારતીય ઋષિ પરંપરા પ્રમાણે વૈદિક હવન કરવાની પદ્ધતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના સમગ્ર આયોજન માટે મહિલા પતંજલિ અધ્યક્ષ નેહલ દેસાઈએ પતંજલિ યોગ સમિતિના સમગ્ર કર્મઠ અને સેવાભાવી કાર્યકર્તાઓનો હૃદયના ઊંડાણથી આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમના અંતમાં સર્વે યોગીજનોએ સાથે મળીને બીટના રસનો આનંદ માણ્યો હતો.

## સેક્ટર-૨૧ ખાતે ટેકવોન્ડો એસોસિએશન અને ફિઝીયો વર્લ્ડ દ્વારા સ્વ-રક્ષણ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

સેક્ટર-૨૧ ખાતે ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન, મિલાપ ટાટારિઆ અને ડૉ. નિધિ ફિઝીયો વર્લ્ડ દ્વારા ત્રિદિવસીય સ્વ-રક્ષણ વર્કશોપ ૨૦૨૨ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્વ-રક્ષણ વર્કશોપમાં સ્વ-રક્ષણ માટેની ટેકનીક્સ જેમ કે, અસામાજિક તત્ત્વોમાં ફસાયા હોય તો કેવી રીતે છૂટવું, કયા કયા સાધનોનો



ઉપયોગ કરવો તેમજ કઈ વસ્તુઓનો ઉપયોગ કરી અને પોતાનું રક્ષણ કરવું એ વિશે મહિલાઓ, બાળકો અને દિકરીઓને કોચ મયુર પરમાર દ્વારા જાણકારી અને માર્ગદર્શન આપી તેમને જાગૃત કરવામાં આવ્યા હતાં. આ સ્વ-રક્ષણ વર્કશોપમાં યુવા કથાકાર પાર્થ શાસ્ત્રી, અભિનેત્રી દિપીકા પાટીલ, ડૉ. નિધિ લેકિનવાલા અને યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપનાં કેમ્પ ડિરેક્ટર જતીન દવે વિશેષ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને એમના વરદહસ્તે સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં તથા ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં સેક્રેટરી મિલાપ ટાટારિઆએ જણાવ્યું હતું કે, પોતાની સુરક્ષા માટે છેલ્લાં શ્વાસ સુધી લડી લેવાની હિંમત જ તમને સુરક્ષિત કરી શકે છે. ડર્યા વગર યોગ્ય તકની રાહ જુઓ. સાથે એ પણ ધ્યાન રાખો કે, એવી કઈ બાબતો અત્યારે તમારી સાથે છે જેનો તમે તમારી સુરક્ષા માટે ઉપયોગ કરી શકો છો. તમારી સાહસ, હિમ્મત અને ચપળતા તમને સુરક્ષિત કરી શકે છે. સુરક્ષા માટે કોઈનાં પર નિર્ભર રહેવાની જરૂર નથી. આત્મ સુરક્ષા એ જ સાચી સુરક્ષા છે. તમે જ તમારી સુરક્ષા માટે ખડે પગે તૈયાર થઈ શકો છો. ઉઠો, જાગો અને સુરક્ષિત બનો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. રાઠોડ અમરસિંહ શિવસિંહ,** ઉ.વ. ૭૫, અલુવા, માણસા
- **સ્વ. મોદી હેમાનીબેન રાજેન્દ્રકુમાર,** ઉ.વ. ૪૧, મગોડી
- **સ્વ. બજાણીયા શનાભાઈ સોમાભાઈ,** ઉ.વ. ૭૨, સામેત્રી, દહેગામ
- **સ્વ. વાંસફોડા સીતાબેન ધનાભાઈ,** ઉ.વ. ૧૦૫, સે-૧૦, છાપરાં



ઝુંડાલ ખાતે મોનાર્ક ક્રિસ્ટલ સોસાયટી દ્વારા મેગા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં રહીશોનું બ્લડ પ્રેશર, સુગર, ઓકિસજન વગેરે ચેક કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મેયર હિતેશ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



રોનિત જાદવ
મો. ૯૯૨૪૭ ૯૮૪૬૧



ચંદ્રકાન્તભાઈ કિશોર
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



પ્રવિણસિંહ મોરી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



અમન પટેલ



જોય ચૌધરી



જયોતિન્દ્ર રાઓલ
મો. ૯૯૯૮૬૮૩૩૨૦

## શહેર વસાહત મહાસંઘનો ૩૧મો જન્મદિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ સંસ્થાના ૩૧માં મંગલ પ્રવેશના કાર્યક્રમનું આયોજન સોમવારે સવારે ૧૦ કલાકે જુના સચિવાલય સહકારી ઉપહારગૃહ કેન્ટીન ખાતે કેક કાપીને કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રથમ દીપ પ્રાગટયથી શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રાર્થના કરીને કેક કાપી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ સંસ્થાના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ સંસ્થાનો પરિચય તથા કામગીરીની રુપરેખા આપી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય મહેમાન રણજીતસિંહ વાઘેલા (પૂર્વ પ્રમુખ પેથાપુર નગરપાલિકા, અતિથિ વિશેષ નાજાભાઈ ઘાંઘર (પૂર્વ ડેપ્યુટી મેયર), ગાંધીનગર મહાનગર પાલિકા શહેરના સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણી મનુભાઈ મહેતા, માનાજી મારવાડી (સે-૨૧ શાકમાર્કેટના અગ્રણી), લવજીભાઈ વાડીયા (પૂર્વ પ્રમુખ જાગૃત નાગરિક પરિષદ), મુળજીભાઈ પરમાર (સાહિત્યકાર), સુરેશભાઈ મહેતા (પૂર્વ કોર્પોરેટર), ગંભીરસિંહ વાઘેલા (પૂર્વ પ્રમુખ રાજપૂત સમાજ), ભવાનભાઈ પટેલ-સિનિયર સિટિઝન વગેરેનું ફુલહાર અને શાલ ઓઢાડી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ સંસ્થાની સ્થાપના સને ૧૯૯૨ની સાલમાં ગાંધીનગર શહેરના ૧ થી ૩૦ સેકટરોના વસાહતી અગ્રણીઓ આગેવાનોની વિશાળ હાજરીમાં થઈ હતી. ગાંધીનગરમાં શહેરીજનોને પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટે સરકાર કક્ષાએ ઉગ્ર રજુઆતો કરવામાં આ સંસ્થા અગ્રેસર રહી છે અને શહેરના વિકાસમાં સહભાગી રહી છે. વૃક્ષારોપણ, મેડીકલ કેમ્પ, શૈક્ષણિક કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમો, કાનુની શિબિર, સરકારને કુદરતી આપત્તિઓમાં સહભાગી થઈ મદદગાર થવું, ગરીબ, મધ્યમ વર્ગને જીવનજરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કરવું, કોર્ટ કચેરીઓમાં સમાધાન પંચ તરીકે સેવાઓ આપવી, મહિલાઓના ઉત્થાન માટે કાર્યક્રમ કરવા, મુખ્યમંત્રીથી રાજયપાલ સુધી શુભેચ્છા મુલાકાત કરી શહેરની પરિસ્થિતિથી વાકેફ કરવા વગેરે છેલ્લા ૩૦ વર્ષથી સંસ્થા ખડેપગે લોકસેવાના અનેક સેવાકીય કાર્યો કરી શહેરની અગ્રણી સંસ્થા તરીકે તેની ગણના થાય છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ જણાવ્યું હતું કે આપણી આ સંસ્થા અમૂલ્ય સંસ્થા તરીકે સ્થાન ધરાવે છે. શહેરના નાગિરકોને પ્રશ્ન ઉકેલવાનો વિશ્વાસ હોવાથી સમસ્યા હોય તો તે તરત મહાસંઘનો સંપર્ક સાધે છે. આટલા વર્ષોમાં વસાહતીઓનો ખૂબ સહકાર મળ્યો છે. પૂર્વ ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરે જણાવ્યું હતું કે ડોકટર, એન્જિનયર કરતા પણ દેશને સારા નાગરિકોની વધુ જરૂર હોય છે. ચૂંટાયેલા હોદ્દેદારો ચૂંટાયા પછી એસી ઓફિસોમાં બેસી જાય તો સેન્ટરની સમસ્યાઓ જાણી ન શકે. શહેર વસાહત મહાસંઘના માર્ગદર્શન મુજબ હું કામ કરતો હતો અને એ જ મુજબ કરાશે તો કોઈ પ્રશ્ન ઉભો નહીં થાય. સત્તાધીશોએ યાદ રાખવું જોઈએ કે તેઓ પ્રજાના સેવક છે. પ્રવચનમાં તેઓ ભાવુક પણ થઈ ગયા હતા. રણજીતસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે પ્રજાના પ્રતિનિધિઓ તેમની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ નીવડે ત્યારે મહાસંઘ જેવી સંસ્થાઓ કાર્યરત કરવી પડે છે. જે વ્યકિતમાં ધર્મનું આચરણ હોય છે તે વ્યકિત કયારેય ભ્રષ્ટ નથી હોતો.

આ સંસ્થાની સ્થાપના સમયથી સંકળાયેલા ભૂતપૂર્વ હોદ્દેદારો તથા આમંત્રિત આગેવાનો અને પત્રકાર મિત્રોનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું તેમજ સંસ્થાને ધમધમતી કરવામાં અવિરત સેવાઓ આપી ભગવાનને શરણે ગયા છે તેવા ૧૪ જેટલા વિવિધ હોદ્દેદારોને શ્રદ્ધાંજલિ આપી તેઓના માનમાં બે મિનિટ મૌન પાળવામાં આવ્યું હતું. સંસ્થાના મહામંત્રી રાજેન્દ્રભાઈ પારેખ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં સંસ્થાના વિવિધ હોદ્દેદારો અને શહેરના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના મહામંત્રી પોપટલાલ પ્રજાપતિએ કર્યું હતું. અંતમાં અલ્પાહાર લઈ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.




### ગાંધીનગર મનપાની ચૂંટણી રદ કરવામાં મોટો ફાળો

**કોરોનાની મહામારી વચ્ચે સરકારે મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર કરી હતી અને કોરોનાની મહામારીને કારણે નાગરિકોના સ્વાસ્થ્યને ધ્યાને લઈ સંસ્થા દ્વારા ચૂંટણીને મોકૂફ રાખવા ચૂંટણી કમિશનરને રૂબરૂ આવેદનત્ર આપ્યું હતું. સરકારે સંસ્થાની માંગણીને સ્વીકારી મહાનગરપાલિકાની ચૂંટણી મોકુફ રાખી હતી.**

## સમસ્ત બ્રહ્મ સમાજ-રાજયકક્ષા ન્યાય માટે રાજપૂત સમાજની પડખે

### સ્વ. સુરેન્દ્રસિંહ ચૌહાણના પરિવાર અને રાજપૂત સમાજના અગ્રણીઓને મળી સાંત્વના પાઠવી



તાજેતરમાં ગાંધીનગરની આશ્કા હોસ્પિટલ ખાતે પથરીની સારવાર દરમ્યાન ૩૯ વર્ષીય સુરેન્દ્રસિંહ ચૌહાણ નામના દર્દીનું અવસાન થઈ જવાના પગલર હોસ્પિટલમાં મોટો હોબાળો થવા પામ્યો હતો. આ કિસ્સામાં શહેરના રાજપૂત સમાજના અગ્રણીઓ દ્વારા ન્યાય માટે લડત ચલાવવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો છે. આજે શહેરના સેક્ટર-૧૨માં રાજપૂત સમાજ ભવન ખાતે સ્વ. સુરેન્દ્રસિંહ ચૌહાણને શ્રદ્ધાંજલિ આપવા સાથે મૃતકના પરિવારને સાંત્વના પાઠવવા તથા તેમને તેમજ રાજપુત સમાજને ન્યાયની લડતમાં દરેક પ્રકારે સાથ સહકાર આપવાની તૈયારી રાજયકક્ષાના શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના ગાંધીનગર શહેર-જિલ્લાના પ્રમુખ સહિત બ્રહ્મ સમાજના હોદેદારોએ દર્શાવી હતી.

આજે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજય કક્ષાના ગાંધીનગર જીલ્લા-શહેર પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી, સહમંત્રી જીજ્ઞેશ રાવલ, સલાહકાર સમિતિ ચેરમેન કેતનભાઈ જોષી, મીડીયા સેલના રાકેશભાઈ જાની તથા સર્વે બ્રહ્મ સમાજના હોદ્દેદારો સ્વ. સુરેન્દ્રસિંહ ચૌહાણને શ્રધ્ધાંજલિ આપવા અને શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજય કક્ષાવતી શોક સંદેશ પાઠવવા રાજપૂત સમાજની વાડી સેક્ટર-૧૨ ખાતે સાંજે ૫.૩૦ કલાકે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે રાજપુત સમાજના પ્રમુખ તથા આગેવાનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજય કક્ષાના પ્રમુખ તેમજ હોદ્દેદારોએ સ્વ. સુરેન્દ્રસિંહ ચૌહાણનું આશ્કા હોસ્પિટલ તથા તેમના ડોકટરોની બેદરકારીના કારણે જે મૃત્યુ થયું છે તેમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજય કક્ષા તેમની પડખે ઉભા રહી સ્વ. સુરેન્દ્રસિંહ ચૌહાણના પરિવારને ન્યાય મળી રહે તે માટે રાજપૂત સમાજ સાથે જોડાઈ અને જરૂર પડે સરકારને રજુઆત કરવા પણ બ્રહ્મસમાજ તેમની સાથે છે તેવી ભાવના વ્યકત કરી હતી.